અપીલ અરજી નં. ૫૭૦ તા.૨૦–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મનજીભાઈ દેવજીભાઈ પટેલ
સામાવાળ :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનજીભાઈ દેવજીભાઈ પટેલની તા. ૧૪–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગર સેવાસદનના પૂર્વ ઝોનની હદમાં આવતાં મોજે ગામ નાના–વરાછાના મુળ સર્વે નં.૪૫ અને ૫૧કે જેનો બ્લોક નં. અનુક્રમે ૭૩ અને૭૯ છે જે અંગે શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન ધારા૧૯૭૬ની કલમ ૨૧–૧ અંતર્ગત મંજુર થયેલ ગૃપ હાઉસીંગ સ્કીમની પરવાનગી અત્રેના મહેરબાન અધિક કલેકટરશ્રી સુરતનાઓએ હુકમ નં. યુ.એલ.સી ૨૧/૧/નમુના/૧૫ રજી. નં.૨૦૯/૯૦ ક્રમાંકથી આપેલી છે અને સદરહુ જમીન અંગેનો લે–આઉટ પ્લાન પણ સુરત મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલો છે જે બાબતે મુદ્દા નં.(૧) સદરહુ ઉપરોકત વર્ણવેલ જમીન ઉપર સુરત શહેર મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલા પ્લાનની ઝેરોક્ષ વિ. મુદ્દા નં.(૧)થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૦/૨૦૧૧–૧૨

શ્રી મનજીભાઈ દેવજીભાઈ પટેલની તા. ૧૪–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગર સેવાસદનના પૂર્વ ઝોનની હદમાં આવતાં મોજે ગામ નાના–વરાછાના મુળ સર્વે નં. ૪૫ અને ૫૧ કે જેનો બ્લોક નં.અનુક્રમે ૭૩ અને ૭૯ છે જે અંગે શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન ધારા ૧૯૭૬ની કલમ ૨૧–૧ અંતર્ગત મંજુર થયેલ ગૃપ હાઉસીંગ સ્કીમની પરવાનગી અત્રેના મહેરબાન અધિક કલેકટરશ્રી સુરતનાઓએ હુકમ નં. યુ.એલ.સી ૨૧/૧/નમુના/૧૫ રજી. નં.૨૦૯/૯૦ ક્રમાંકથી આપેલી છે અને સદરહુ જમીન અંગેનો લે–આઉટ પ્લાન પણ સુરત મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલો છે જે બાબતે મુદ્દા નં.(૧) સદરહુ ઉપરોકત વર્ણવેલ જમીન ઉપર સુરત શહેર મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલા પ્લાનની ઝેરોક્ષ વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૦૪ તા.૩૦–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તેમનો પક્ષ આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૨૭ તા.૮–૨–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૨૭ તા.૨૧–૧–૨૦૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારે તા.૧૪–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી વરાછાઝોનને લગતી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૨૭ તા.૨૧–૧–૧૨ થી સમય અવધિબાદ અરજદાને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં સુરત મહાનગર સેવાસદનના પૂર્વ ઝોનની હદમાં આવતાં મોજે ગામ નાના–વરાછાના મુળ સર્વે નં. ૪૫ અને ૫૧ કે જેનો બ્લોક નં.અનુક્રમે ૭૩ અને ૭૯ છે જે અંગે શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન ધારા ૧૯૭૬ની કલમ ૨૧–૧ અંતર્ગત મંજુર થયેલ ગૃપ હાઉસીંગ સ્કીમની પરવાનગી અત્રેના મહેરબાન અધિક કલેકટરશ્રી સુરતનાઓએ હુકમ નં. યુ.એલ.સી ૨૧/૧/નમુના/૧૫ રજી. નં.૨૦૯/૯૦ ક્રમાંકથી આપેલી છે અને સદરહુ જમીન અંગેનો લે–આઉટ પ્લાન પણ સુરત મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલો છે જે બાબતે મુદ્દા નં.(૧ ) સદરહુ ઉપરોકત વર્ણવેલ જમીન ઉપર સુરત શહેર મહાનગર સેવાસદન તરફથી મંજુર થયેલા પ્લાનની ઝેરોક્ષ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામા આવેલ માહિતી વરાછા ઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૨) સદરહુ જમીનની હાલની સ્થળ સ્થિતિ અંગેની વિગત જે મહાનગર સેવાસદનને લગતી હોય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાનાવરાછા બ્લોક નં.૭૩,૭૯ ને ડ્રાફટ ટી.પી. સ્કીમ નં.૩૮ (નાનાવરાછા) ફા.પ્લોટ નં.૩૫/એ, ૩૫/બી તથા ૪૧ ફાળવેલ છે. તેવું જણાવેલ.

મુદ્દા નં.(૩) સદરહુ જમીન ઉપર મંજુર થયેલા પ્લાનની રજાચિઠ્ઠી અથવા તો થયેલા અન્ય હુકમની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામા આવેલ માહિતી વરાછા ઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૪) સદરહુ જમીન ઉપર મહાનગર સેવાસદનના બાકી લેણાંની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટાઉન પ્લાનીંગ વિભાગને લાગત મુદ્દા અન્વયે ટી.પી.સ્કીમ અન્વયે આઈ.સી.ના નાણાં પુરેપુરા ડીપોઝીટ પેટે ભરપાઈ થયેલ છે. તેવુ જણાવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે અરજદારે એક માસ ઉપરાંતનો સમય થઈ ગયો હોવા છતાં નિયમોનુસાર માંગેલ માહિતી મળી નથી. તથા તમામ કાયદાઓ અને નિયમો અનુસાર, વિષય સંબંધિત, સ્પષ્ટ, સાચી, પૂરેપુરી અને ક્રમવાર આપવા જુઆત કરેલ છે.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૦૪ તા.૩૦–૧–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તેમનો પક્ષ આધાર સહ રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અનુસંધાને કોઈ વિગત રજુ કરવામાં આવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૦–૧–૧૨ ધ્યાને લેતાં ૧૮–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૪–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૪–૧૨–૧૧ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિબાદ પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનજીભાઈ દેવજીભાઈપટેલ,